ચૂંટણીની ફરજો પરના કર્મયોગીઓ ૮, ૯ અને ૧૦ ડિસેમ્બરે મતદાન કરશે

બેલેટ પેપરથી આ કર્મયોગીઓ મતદાન કરશે પોસ્ટલ બેલેટ આજે બપોર સુધીમાં રવાના કરી દેવાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી વિષયક ફરજો બજાવનાર કર્મચારીઓ અને અધિકારીઓ આગામી ૮, ૯ અને ૧૦ દરમ્યાન તેમના મતાધિકારનો ઉપીયોગ કરી મતદાન કરશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૮મી ડિસેમ્બરના રોજ મતદાન મથકો પર ફરજ બજાવનાર તમામ પોલીસ કર્મીઓનું મતદાન જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે યોજાશે. જ્યાં જિલ્લામાં સમાવિષ્ટ પાંચેય વિધાનસભા મતવિસ્તાર માટેના બેલેટ બોક્સ મુકવામાં આવશે.

તા. ૯ અને ૧૦ દરમ્યાન પ્રિસાઈડીંગ ઓફિસરો તેમજ પોલીંગ પાર્ટીના કર્મચારીઓની બીજા તબક્કાની તાલિમનું આયોજન કરવામાં આવ્યું છે. જે તે વિધાનસભા મતવિસ્તારના અધિકારીઓ દ્વારા તાલિમના સ્થળે આ માટેની ખાસ સુવિધા ઉભી કરવામાં આવશે અને મતદાન યોજાશે.

રાજ્યમાં મતદાન ઊંચુ થાય તેવા પ્રયાસો પંચ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે ચૂંટણી વિષયક ફરજો બજાવનાર કર્મચારીઓ મતદાન કરી શકે તે માટે પંચે આ વિશેષ જોગવાઈ કરી છે.

પંચે આ વખતે પોષ્ટલ બેલેટથી મતદાન કરનારા મતદારોની કેટેગરીમાં પણ સુધારા કર્યા છે અને એસ.ટી. બસના ડ્રાયવર કંડકટર તેમજ વીડીયો વ્યુવીંગ ટીમના માણસોને પણ આવરી લેવામાં આવનાર છે.

મતદાર જાગૃત્તિ અભિયાન અંતર્ગત પંચ દ્વારા મતદાનથી લોકશાહી પર્વ ઉજવણી કરશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ચૂંટણી માટેના પોષ્ટલ બેલેટ આજે બપોર સુધીમાં રવાના કરી દેવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા કામગીરી આરંભી દેવામાં આવી છે. જિલ્લામાં વીસ હજાર જેટલા બેલેટ પેપરની જરૂરિયાત પડશે તેમ જાણવા મળેલ છે.

આર.ટી.ઓ.એ કાયદાના ભંગ બદલ ગત માસમાં ૨૬૭ વાહનો ડીટેઈન કર્યા

આર.ટી.ઓ.ને દંડ પેટે રૂ. ૨.૬૯ લાખની આવક ડિટેઈન, વાહનો પૈકી ૧૨૧ બાઈક

ગાંધીનગર, તા. ૪

આર.ટી.ઓ.ના કાયદાના ભંગ બદલ ગત માસ દરમ્યાન આર.ટી.ઓ. કચેરીએ ૨૬૭ જેટલા વાહનો ડીટેઈન કરી ૨.૬૯.૦૭૧ નો દંડ વસુલ કર્યો છે. આર.ટી.ઓ.એ ડીટેઈન કરેલા વાહનોમાં ૧૨૧ બાઈકનો સમાવેશ પણ થાય છે. અલબત્ત આર.ટી.ઓ.ના કાયદાનો ભંગ કરવામાં બાઈકચાલકોની સંખ્યા વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે.

આર.ટી.ઓ. કચેરીના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગત્ નવેમ્બર મહિના દરમ્યાન રાજ્યના વિવિધ શહેરોના પોલીસમથકોમાં ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલા હોય તેવા ૨૬૭ જેટલા વાહનો કાયદાના ભંગ બદલ ડિટેઈન કરવામાં આવ્યા હતા. ગાંધીનગર આર.ટી.ઓ.માં રજીસ્ટર થયા હોય તેવા જિલ્લાના ૨૬૭ વાહનો આર.ટી.ઓ.ના કાયદાના ભંગ બદલ ડિટેઈન કરાયા હતા. વાહન ડિટેઈન કરાયા બાદ પોલીસે આપેલા મેમાના આધારે આર.ટી.ઓ. કચેરીએ વાહન ચાલકો પાસેથી દંડની રકમ વસુલી હતી. ડિટેઈન કરાયેલા આ વાહનો પૈકી બાઈક ૧૨૧, એલ.એમ.વી.(કાર) ૧૮, જીપ-૯, રિક્ષા-૯૩, ટ્રેક્ટર-૪, એલ.સી.વી.જી.ટી.-૬, ટ્રક ટેલર-૪, બસ-૩, તેમજ અન્ય હેવી વાહનો ૧૩ સહિત ૨૬૭ વાહન ચાલકો પાસેથી આર.ટી.ઓ. કચેરીએ રૂ. ૨.૬૯ લાનો દંડ વસુલ્યો હતો. ઓક્ટોબર મહિના દરમ્યાન પણ આર.ટી.ઓ.ના કાયદાના ભંગ બદલ ૨૯૭ વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરાઈ હતી. જો કે ગત મહિના દરમ્યાન પણ ડીટેઈન થયેલા વાહનોમાં બાઈકની સંખ્યા વિશેષ જોવા મળી હતી.

ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ પટેલના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન મંગળવારે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે યોજવામાં આવ્યું હતું. **(તસવીર : દિપક જાની)**

કોંગ્રેસ ૧૧૨ બેઠકો પર વિજયી બનશે : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર (ઉત્તર) બેઠકના કોંગ્રેસના ઉમેદવાર સુરેશ પટેલના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૪

પ્રજા અને કર્મચારીઓ ભાજપના શાસનથી ત્રસ્ત બની ગયા છે. વિધાનસભાની આ વેળાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ ૧૧૨ બેઠકો મેળવી સત્તા હાંસલ કરશે પણ કાર્યકરોએ આ માટે જાગૃત રહી મતદાન વધુને વધુ થાય તે જોવું પડશે. આપણે ૨૦મીએ ગાંધીનગરમાં લોકશાહીની દિવાળી મનાવીશું તેમ કોંગ્રેસના દિગ્ગજ નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

ગાંધીનગર ઉત્તર વિધાનસભા મત વિસ્તારના કોંગ્રેસ પક્ષના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતાં તેમણે કાર્યકરોને સંબોધતાં જણાવ્યું હતું કે પ્રજાના પ્રશ્નો વણઉકલ્યા રહ્યા છે. પ્રજાની પીડાને દૂર કરવાની ભાજપ સરકારે કોઈ પરવા સુધ્ધાં કરી નથી અને હવે ચૂંટણી આવી એટલે વાયદા બજારની જેમ વાયદાઓ ગઈ કાલે કર્યા છે. ૧૫ વર્ષ સુધી કશું કર્યું નહિ અને હવે પ્રજાને છેતરવા માટે તેમણે વાયદાઓ શરૂ કર્યા છે. હિસાબ આપો તમે શું કર્યું?

તેમણે ભાજપ પર સીધા તીર તાકતાં જણાવ્યું હતું કે તેમની પાસે મુદ્દાઓ નથી અને એટલે વાણી વિલાસ કરી રહ્યા છે. તેમને એ પણ ખબર નથી કે તેઓ શું બોલી રહ્યા છે. ભાજપે વાણી વિલાસ બંધ કરી પ્રજાને કરેલા કાર્યોનો હિસાબ આપે.

શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે કર્મચારીઓ પણ આ સરકારથી ત્રસ્ત છે. આશા કાર્યકરો હોય કે આંગણવાડીના કર્મચારીઓ હોય ગરીબ કલ્યાણ મેળો કે અન્ય સરકારી કાર્યક્રમોમાં હાજરી બતાવવા એમને હાજર રખાય. આ કર્મચારીઓ ત્રાસી ગયા છે. તેમના વેતનના પ્રશ્નો ઉકેલ્યા નથી અરે કર્મચારી મંડળોને પણ દ્દા પગારપંચ માટે આંદોલન કરવું પડે એ તો હદ કહેવાય. એમના હક્કનું પણ એમને આપવામાં આનાકાની આ સરકાર કરે એ કેવી રીતે સાંખી લેવાય. ચોથું ને પાંચમું પગારપંચ કોંગ્રેસ સરકારે એક જ ઝાટકે આપી દીધા હતા.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરના યુવાન રૂચિતે આઈટી ઈનોવેન્સ માટે આંતરરાષ્ટ્રીય એવોર્ડ જીત્યો

જુદા-જુદા શહેરોમાં યોજાતા કાર્યક્રમોની વિગતો માટે વેબ પોર્ટલ બનાવનાર રૂચિતની કંપનીએ એવોર્ડ આપી પ્રોત્સાહન અપાયું

ગાંધીનગર, તા. ૩

દિલ્હી ખાતે હમણાં જ યોજાયેલા એક આંતર રાષ્ટ્રીય એવોર્ડ અર્પણ કાર્યક્રમમાં ગાંધીનગરનું નામ ગુંજ્યું ત્યારે આશ્ચર્ય સાથે આનંદની

લાગણી અનુભવાઈ. વિકાસ પામી રહેલા ૩૦ દેશોની ૪૦૦ થી વધુ આઈટી કંપનીઓ પૈકી ગાંધીનગરના યુવાને સ્થાપેલી ઓલ ઈવેન્ટસ કંપનીને ઈ.ટ્રાવેલ એન્ડ ટુરીઝમ કેટેગરીમાં શ્રેષ્ઠ એવોર્ડ મળ્યો ત્યારે એક ગાંધીનગરવાસી તરીકે ગૌરવની લાગણી અનુભવાઈ.

આ આઈ.ટી. કંપની સ્થાપવાનું શ્રેય નિસર્ગ સાયન્સ સેન્ટરના અનીલભાઈ પટેલના ૨૩ વર્ષીય પુત્ર રૂચિતને જાય છે. રૂચિતે ડીગ્રી તો મેળવી છે ઈ.સી. એન્જિનિયરીંગની પરંતુ તેને પહેલાં જ આઈ.ટી.માં રસ હોવાથી આખો દિવસ કોમ્પ્યુટર પર જ બેસી રહેતો. રૂચિતના શોખને તેના મિત્ર અને કંપનીના કો-ફાઉન્ડર અમિત પંજાબીએ વેગ આપ્યો. જુદા જુદા શહેરોમાં યોજાવી વિવિધ ઈવેન્ટની માહિતીને એક પ્લેટફોર્મ મળે તે આશયથી રૂચિત અને અમિતે ૧૮ મહિના પહેલાં એક વેબ પોર્ટલ **all events.in** ની રચના કરી. આ પોર્ટલ ટુંક સમયમાં જ ખુબ લોકપ્રિય બનતા આખરે તેને એક કંપનીનું નામ આપી કામકાજનું કદ વિસ્તારવામાં આવ્યું. ટુંક સમયમાં જ તેમની કંપની અને વેબ પોર્ટલે એટલી લોકપ્રિયતા હાંસિલ કરી કે આજે દરરોજ ૪૦ હજારથી વધુ નેટ યુઝર્સ તેનો ઉપયોગ કરે છે. અત્યાર સુધી ૧૨ હજારથી વધુ શહેરોની ૫૦ લાખ ઈવેન્ટ અંગેની વિગતો તેના પર મુકવામાં આવી છે.

જુદા જુદા શહેરોમાં ટ્રાવેલ કરતા પર્યટકો તેમના બેવ પોર્ટલનો ઉપયોગ મોબાઈલ થકી કરતા હોવાથી રૂચિત અને અમિતે વેબ એપ્લીકેશન બનાવ્યું. તેને પણ એવોર્ડ મળ્યો છે. જુદા જુદા શહેરોની ઈવેન્ટસને એક પ્લેટફોર્મ પર મુકતી તેમની કંપની ઓલ ઈવેન્ટસ ઈન સિટીને ઈ.ટ્રાવેલ એન્ડ ટુરીઝમ કેટેગરીમાં ધ મંથન એવોર્ડ તાજેતરમાં ૧લી ડિસેમ્બરના રોજ અર્પણ કરાયો છે. વિકાસ પામી રહેલા ૩૦ જેટલા સાઉથ એશીયા અને એશિયા પેસીફિકની આઈ.ટી. કંપનીઓ આ એવોર્ડમાં ભાગ લે છે.

ભાજપ ગાંધીનગર દક્ષિણની બેઠકના કાર્યાલયનો આજે શુભારંભ કરાશે

ગાંધીનગર, તા. ૪

ભારતીય જનતા પાર્ટી દ્વારા ગાંધીનગરની દક્ષિણ બેઠકને અનુલક્ષી ભાજપના ઉમેદવાર શંભુજી ઠાકોરનું ચૂંટણી કાર્યાલયનું આવતીકાલે સવારે ૯.૦૦ કલાકે ચિલોડા-અક્ષર કોમ્પલેક્ષ ખાતે શુભારંભ કરવામાં આવશે. આ તબક્કે હરીન પાઠક સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે. હરીન પાઠકના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

બેસણું

અવસાન પુત્ર **પિતાશ્રી હેમચંદ સંકરલાલ ચોરસ**
(નિવૃત્ત જાલ્લા રમત-ગમત ઓફિસરી) નું તા.૨-૧૨-૨૦૧૨ને રવિવારના રોજ આકસ્મિક અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ.
લૌકિકનું બેસણું તા.૬-૧૨-૨૦૧૨ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી અગ્રવાલ નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : ડોલી નં.૧૮૬, સેક્ટર ૨૧બી, સે.-૨૧, ગાંધીનગર. ફોન નં.૨૩૨૫૭૪૧

સુશીલા હેમચંદ ચોરસ (ધર્મપત્નિ)
નયન હેમચંદ ચોરસ — ડૉ. અનુપમા નયન ચોરસ
સંજય હેમચંદ ચોરસ — મનસી સંજય ચોરસ
વિકાસ હેમચંદ ચોરસ — વર્ષા વિકાસ ચોરસ
વૈકુંઠી શ્રીનુષ કિર્તિ ચોરસ

સમાજના તમામ વર્ગોના વિકાસ માટે કોંગ્રેસનું વચન

કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં મફત લેપટોપ-ટેબલેટનું વચન અપાયું : સબસિડીથી રાંધણ ગેસના ૧૨ બાટલાઓ અને ખેડૂતોને ૧૬ કલાક વીજળી, ઉદ્યોગોમાં ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી સહિત અનેક વચનો અપાયાં

અમદાવાદ, તા. ૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસે આજે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. જેમાં કોંગ્રેસે મફત લેપટોપ અને ટેબલેટ આપવાનું વચન આપ્યુ હતુ. સામાન્ય વહીવટ તથા કાયદો-વ્યવસ્થાને સુદ્રઢ બનાવાશે. દારૂબંધીનો સખત અમલ કરાશે. ખેડૂતોને ૧૬ કલાક વીજળી અપાશે. ઉદ્યોગોનો વિકાસ કરાશે, પ્રવાસન વિભાગનો વિકાસ કરાશે. ધો. ૧૨ પછીના તમામ વિદ્યાર્થીઓને લેપટોપ, તમામને વિનામૂલ્યે જીવનરક્ષક દવા, આરોગ્ય, પીવાનું પાણી, સિંચાઈ માટેના જળાશયો સહિત ૧૫ મુદ્દાઓ જાહેર કરાશે. કોંગ્રેસ જો સત્તા પર આવશે તો ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવાનું કોંગ્રેસે અભય વચન આપ્યું હતું. પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડિયા, ચૂંટણી ઢંઢેરા સમિતિના ચેરમેન અરવિંદ સંઘવી, દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષિત અને સહપ્રભારી અશોક તન્વરે સંયુક્ત પત્રકાર પરિષદમાં આજે કોંગ્રેસનો કાર્યનિર્ધાર ૨૦૧૨ અંતર્ગત ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત પ્રજાવિકાસ દર્શન હેઠળ કોંગ્રેસ ૧૨ મુદ્દાઓ અગાઉ જાહેર કર્યા હતા. આજે અમે ચૂંટણી ઢંઢેરો જાહેર કરીએ છીએ. ભાજપની સરકાર જે પ્રકારે આર્થિક વિકાસ કરી છે તેને આર્થિક વિકાસ કહી જ કેવી રીતે શકાય તે એક પ્રશ્ન છે. ભાજપની આર્થિક નીતિમાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com